**<u>ક્લેઈમ કેસ નં. ૧૨૬/૨૦૨૧ ના કામે આંક–૧ નીચે હુકમ :–</u>**

આ કામના તમામ પક્ષકારો તથા તેમના વિકીલશ્રીઓ હાજર છે. આ ક્લેઈમ કેસ અરજદાર તરફે તેઓને અકસ્માતમાં થયેલ ઈજાના વળતર અંગે દાખલ કરેલ છે અને તેઓ આ કામે સમાધાન પુરસીશ આંક–૫૫ થી રજુ કરે છે. પક્ષકારો તથા તેમના વિ. વકીલશ્રીઓને આ સમાધાન વાંચી સંભળાવી, સમજાવવામાં આવેલ છે, તેઓશ્રી આ સમાધાન અને સમાધાન પુરશીશ નીચેની તેમની સહીઓ કબુલ રાખે છે, જેથી આ સમાધાન નોંધવામાં આવે છે.

આ કામના સામાવાળાએ સમાધાન મુજબની રકમ ચુકવવાની જવાબદારી સ્વીકારેલ હોય, આથી તેઓને હુકમ કરવામાં આવે છે કે, સમાધાનમાં નકકી થયા મુજબની વળતરની કુલ રકમ રૂા.૪૩,૦૦૦/– પૈકી રૂા. ૫૦૦૦/– તા. ૧ થી ૧૦ સુધીમાં તથા બાકી રહેતી રકમના સાત હપ્તા રૂા. ૫૦૦૦/– તથા રૂા. ૩,૦૦૦/– તે રીતે આઠ માસમાં નામદાર ટ્રીબયુનલમાં જમા કરાવવાની રહેશે અને જો કસુર કરે તો ૯ % વ્યાજ સાથે સામાવાળા સામે બજવણી દાખલ કરી શકાશે ત્યારે હુકમ મુજબની રકમ સામાવાળા તરફથી જયારે આ ટ્રીબ્યુનલમાં જમા થયેથી અરજદારને તેમની ધોરણસરની ઓળખાણ લઈ જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી આર.ટી.જી.એસ. થી ચુકવવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ ક્લેઈમ અંગે અરજદારને કોઈ વચગાળાની રકમ ચુકવવામાં આવેલ હોય તો તે સદરહુ રકમમાંથી મજરે આપવાની રહેશે અને આ કામે કોઈ વચગાળાની અરજી પેન્ડીંગ હોય તો આ હુકમથી તે ફેંસલ ગણવા હુકમ કરવામાં આવે છે.

આ કામે કન્ટીન્યુસ લોક અદાલતમાં સમાધાન થયેલ હોય, કોર્ટ ફી પેટે કોઈ રકમ વસુલ લેવી નહીં.

સમાધાન મુજબ એવોર્ડ દોરવો.

આ હુકમ આજ તારીખ ૨૦ મી, માહે–જુન, સને –૨૦૨૬ ના રોજ કન્ટીન્યુસ લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૦–૦૬–૨૦૨૬
જૂનાગઢ.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)